SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 22. ઉત્તર ગુજરાતના કડવા પાટીદાર સમાજનાં લગ્નગીતો

ડૉ. ઝંઝાબેન બી. પટેલ

લોકસાહિત્યનો મોટોભાગ લોકગીત સ્વરૂપે છે. જેની અંદર જન સમૂહની ઊર્મિઓ વણાઈ ચૂકી હોય છે. તેને માનવીના જન્મથી સંબંધ છે ને મૃત્યુ સુધી સાથે રહે છે. લોકગીતમાં લૌકિક સભ્યતા, લૌકિક આચાર-વિચાર, લૌકિક વ્યવહાર રહેલો છે. તેમાં લૌકિક રીતરિવાજ અને લૌકિક પરંપરાઓનું પ્રતિબિંબ પડે છે. લોકગીતનો ઉઘાડ મૌલિક કઠોપકંઠની રીતે થતો હોવાને કારણે તેનું વૃક્ષ દેખાય પરંતુ મૂળ નહીં.લોકગીત લોકગીત જીભે રમતું હોવાથી તેનો પટ ઘણો વિસ્તરાયેલો છે. તેનું સમગ્રીકરણ કરવું અશક્ય છે. પરંતુ તેના નજરે ચડેલા પ્રકારો રજૂ કર્યા છે. જેમ કે લગ્નગીતો, હાલરડા, સીમંત અને રાંદલના ગીતો,મરશિયા, રાજીયા, છાજિયા ગોરમાના મોળાકતના ગીતો, ભજન અને સંતવાણી, દુહા અને ગીતકથા, પાંચકડા વગેરે જેવા લોકગીતના વિવિધ પ્રકારોમાંથી આજે લગ્ન ગીતો વિશે વાત કરીશું.

ભારતીય લોકજીવનમાં લગ્નનું મહત્વ અનેક રીતે સ્વીકૃત થયેલું છે. લગ્નગીતોમાં આપણી સંસ્કૃતિનું પ્રતિબિંબ જોવા મળે છે. એમાં દાંપત્ય જીવનની મધુરતાના ચિત્રો યુવાઅવસ્થાના અરમાનો ઉપરાંત લગ્નજીવનનું માંગલ્ય પણ પ્રગટે છે. લગ્નગીતોમાં વર કન્યાના સૌંદર્યના વર્ણનો, પ્રણયનો ઉલ્લાસ જોવા મળે છે. આ શુભ મુહૂર્તમાં પ્રથમ તો ગણેશનું સ્થાન મહત્વનું છે. લગ્નની પ્રક્રિયા ક્રમબદ્ધ હોય છે. શબ્દ, સુર અને સંસ્કારના પરિચાયક એવા આ લગ્ન ગીતો વિધિ અનુસાર ગવાતા હોય છે.

❖ ઉત્તર ગુજરાતના કડવા પાટીદાર સમાજના લગ્નગીતો પર કામ કરતા અલગ અલગ અનુભવો થયા. લગ્નગીતો એકઠા કરવાની પ્રક્રિયામાં ઘણા અનુભવો થયા. મારી મમ્મી, માસી, કાકી, બા પાસેથી અલગ અલગ વિધિ વખતે ગવાતા જુદા જુદા ગીતો એમના પાસેથી સાંભળ્યા. અમે ચર્ચા કરતા હતા ત્યારે એ વાત પણ થઈ કે હાલ લગ્નમાં ઝાઝા ગીતો ગવાતા નથી. આધુનિકતાના રંગોની અસર આ સમાજ પર પણ થઈ છે. એટલે લગ્નગીતો ગાવા માટે સ્ત્રીઓમાં જે ઉત્સાહ હતો તે દિન પ્રતિદિન ઓછો થયો છે. લગ્ન ગીતો હવે સમાજની કુટુંબની સ્ત્રીઓ નહીં પણ પ્રોફેશનલ ગીતો ગાતી બહેનો પાસે લગ્ન ગીતો ગવડાવવાની ચાલ પડી છે. પણ આ ગીતોમાં પાટીદાર સમાજના નિજીપણાની અનુભૂતિ ઓછી થાય છે. એક સમય મધુર સુરે ગવાતા પરંપરાગત લગ્નગીતોનું સ્થાન આજે ફિલ્મી ગીતો એ લીધું છે, એ હકીકતને નકારી શકાય નહીં, તેમ છતાં ગ્રામ્ય વિસ્તારોમાં હજુ પણ મોટી ઉંમરની સ્ત્રીઓએ આ પરંપરા જાળવી રાખી છે. લગ્નની દરેક વિધિમાં ગવાતા ગીતો સાતત્યપૂર્વક લોકજીવન સાથે સંકળાયેલા છે. આ ગીતોમાં ઉત્તર ગુજરાતની બોલીનું પણ સાચું પ્રતિબિંબ જિલાયું છે.

ઉત્તર ગુજરાતના કડવા પાટીદારોમાં લગ્નની શરૂઆત દસ એક દિવસ પહેલા કંકોત્રી લખવાથી થાય છે. જેમાં કન્યાપક્ષવાળા કંકોત્રી લખીને વરપક્ષના ઘરે કન્યાના ભાઈ અને બ્રાહ્મણ સાથે મોકલે છે. અને ત્યાં વરપક્ષવાળા કંકોત્રી વધાવે છે.બંને પક્ષે ગવાતુ કંકોત્રી વધાવવાનું ગીત જોઈએ..

**❖ માંડવડા હેઠ ઢાળો રે બાજોઠીયો,**
**જમણી મેલો રે કંકાવટી,**

**તેડાવો મારે જોશીડાનો બેટો,**
**આજ મારે લખાવો કંકોત્રી.**

❖ ગણેશ સ્થાપન :

કંકોત્રી પછી લગ્નના આગલા દિવસે માંડવો હોય, અને માંડવાના દિવસની શરૂઆત ગણેશ સ્થાપનથી થાય છે. કોઈપણ શુભ પ્રસંગે જો ગણપતિને યાદ કરતા હોય તો લગ્ન એ એક એવો માંગલ્યમય અવસર છે કે જેમાં વ્યક્તિના સાંસારિક જીવનની શુભ શરૂઆત થાય છે. જીવનના આ માંગલ્યમય અવસરમાં અડચણ ન આવે માટે પ્રથમ ગણપતિનું આહવાન કરી પૂજા કરવામાં આવે છે. ગણેશસ્થાપન વખતે ગવાતું આ ગીત આખા ગુજરાતમાં પ્રચલિત છે.

❖ **પ્રથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા,**
**પ્રથમ ગણેશ બેસાડો રે મારા ગણેશ દુંદાળા,**

**ગણેશ દુંદાળાને મોટી ફાંદાળા,**

**ગણેશજી વરદાન દેજો રે મારા ગણેશ દુંદાળા.**

### ❖ માંડવો વધાવો :

ગણેશ સ્થાપન બાદ પાટીદાર સમાજમાં માંડવો વધાવવાની વિધિ થાય છે. જેને તોરણ વધાવવું પણ કહેવાય છે. જેમાં ગામના હરીજન સમાજની વ્યક્તિ આસોપાલવના તોરણ લઈને આવે છે, અને બહેનો એ તોરણને કંકુ-ચોખાથી વધાવે છે. તોરણ લઈને આવનાર વ્યક્તિને દક્ષિણા પણ આપવામાં આવે છે. તો માંડવો વધાવતી વખતનું ગીત જોઈએ ....

❖ **હું તો થાળ ભરૂ રે શા-શા મોતીડે,**
**હું તો તોરણ વધાવવાને જાઉ,**

**કે મારે સોના સરીખો સુરજ ઊગીયો,**
**હું તો ભાઈ રે વિરલભાઈ તમને વિનવું,**

**તમારા બંદેવડા લેજો સાથ,**
**કે મારે સોના સરીખો સુરજ ઊગીયો.**

### ❖ માટી લેવા જવું :

માંડવો વધાવ્યા બાદ ગ્રહશાંતિ માટે કુંડ બનાવવા બધી બહેનો ભેગી મળીને ગામને પાદરે જઈ માટી લઈ આવે છે. નજીકના સંબંધીની વહુ માથે તાસ અને કુહાડી ઉપાડે છે અને બધી બહેનો ગાતા ગાતા માટી લેવા જાય છે. એ સમયે ગવાતા કેટલાક ગીત.....

❖ **શુકન જોઈને સંચરજો રે**
**સામો મળ્યો છે જોષીડો રે,**

**જોશ જોઈ પાછો વળિયો,**
**શુકન જોઈને સંચરજો રે.**

### ❖ ગોત્રીજો ભરવા જવું:

માટી લઈને આવ્યા પછી કુટુંબની નવી પરણેલી વહુ અને દીકરો ગોત્રીજો ભરે છે. તેમાં કુટુંબના ઘરેથી બે માટલી પાણી ભરીને માથે ઉપાડીને કુટુંબની વહુ અને દીકરો લાવે છે. એ સમયે વ હુ દિકરાના છેડાપણ બાંધવામાં આવે છે. વહુ બંને માટલા પાણી ભરીને ઉપરા-ઉપરી માથે મૂકીને લાવે છે, અને અન્ય સ્ત્રીઓ ગીતો ગાય છે....

❖ **વનરા તે વનમાં મીંઢળ જાજા,**
**મીંઢળ પરણીને ઝાડવા બાળકુંવારા,**

**હું તમને પૂછું મારા બેન રે સોનલબેન,**
**આટલા તે લાડ તમને કોને રે લડાવ્યા.**

ગોત્રીજો ભરીને જ્યારે ઘરમાં આવે છે, ત્યારે ઉંબર પાસે ઊભી રહીને બેન કે દીકરી બારણું રોકે છે, અને નેક માંગે છે.જેમણે ગોત્રીજો માથે ઉપાડ્યો હોય એ બેન દીકરીને નેક આપે એવો રિવાજ છે. એ વખતે ગવાતું ગીત જોઈએ....

**આજ રે સોનલબેન લાગ તમારો લાગ તમારો,**
**લાગ તમારો ને ભાગ અમારો,**

**થાળી ભરીને રૂપૈયા રે લેજો,**
**રૂપૈયા અમારા ને થાળીઓ તમારી.**

### ❖ ગ્રહશાંતિ :

ગોત્રીજાની વિધિ બાદ ગ્રહશાંતિ કરે છે. ગ્રહશાંતિ જેના લગ્ન હોય તેના મમ્મી પપ્પા કે મોટા ભાઈ-ભાભી કરે છે. અને એ વખતે અન્ય સ્ત્રીઓ ફટાણા ગાય છે.

**❖ ગ્રહશાંતિ કરતા ગોરી રિસાઈને બેઠા,**
**સસરા મનાવે તો મનાઉ લાડણી,**

**આશા ઘુંઘટ વહુ ને વાલેરા લાગ્યા.**

### મામેરુ :

ગ્રહશાંતિ બાદ માંમેરાનો પ્રસંગ આવે છે, લગભગ દરેક સમાજમાં આ રિવાજ છે. ભાઈ પોતાની યથાશક્તિ પ્રમાણે દાગીના અને કુટુંબ વ્યવહાર કરે છે જેને મામેરુ કહેવાય છે. એ સમયે ગવાતા ગીતો જોઈએ....

**❖ હું તો ચંપ ચડું ને કેડી ઊતરું,**
**મારા વીરો આવ્યા ને વાડીએ ઉતર્યા,**
**હું તો જુઓ મારા માડી જાયા વાટ મોઘેરા મોંઘા મોલના.**

### પીઠી :

લગ્ન સમયે જાન જતા પહેલા વરરાજાની પીઠી ચોળવામાં આવે છે. જ્યારે માયરામાં બેસવા તૈયાર થતા પહેલા કન્યાને પીઠી ચોળવામાં આવે છે. આ પીઠીમાં હળદર, ઘઉં, મગ, દહીંનું મિશ્રણ કરી વરરાજા-કન્યાના શરીરે ઘસવામાં આવે જેને પીઠી કહેવાય છે. આ વખતે નીચે મુજબના ગીતો ગવાય છે....

**❖ પીઠી પીઠી ચોળો રે પીતરાણી રે,**
**હાથ પગ ચોળે રે વીરની ભાભી રે,**

**કાચા તેલ ચોળશે રે મારા વીરને,**
**કાચા તેલ ચડશે રે પેલી છોડીને.**

### ❖ જાન જતી વેળાના ગીતો :

**❖ લાડલો પાન ચાવી ને રસ ઢોળે,**
**લાડલો લડી લડી પાછું રે જુએ,**

જાણે એમના દાદા સાથે રે આવે,
સાથે રે આવે ને સૌરંગ લાવે.

**જાનનું સામૈયું :**

જાનનું આગમન થાય છે અને જ્યાં જાનનો ઉતારો હોય ત્યાં કુટુંબની સ્ત્રીઓ લાપસી અને ચલાણું પીવડાવવા જાય છે, અને એ સમયે ગવાતા ફટાણા જોઈએ....

❖ ઝાંઝર જમકે ની ઘૂઘરી રે ઘમકે,
આશા બન્યા છે બેનના દાદા રે સામૈયું રે ઓપે.

**જમાઈને પોંખવાની વિધિ:**

સામૈયા બાદ હવે સમય આવે છે વરરાજા ને મંડપમાં લાવવાનો.તો તે સમયે વરરાજાને જ્યાં મંડપનો મુખ્ય દરવાજો હોય ત્યાં તોરણ પાસે ઊભા રાખવામાં આવે છે. પછી વરરાજાની સાસુ વરરાજાને પોંખવા આવે છે, અને એ સમયે ગવાતા ગીતો જોઈએ....

❖ મૈયા ઘૂમ્યાના રવૈયા મંગાવો,
અરજણના હાથે વર પુંખાવો રે,

ગોકુળના રહેવાસી અમે મથુરાના રહેવાસી,
કયા તે ગામના રહેવાસી અમે ગોકુળના રહેવાસી.

**❖ લગ્નમંડપમાં લગ્ન વિધિ વખતે ગવાતા ગીતો:**

લગ્નની વિધિ ચાલુ હોય ત્યારે કન્યાને માયરામાં લાવવામાં આવે તે સમયના ગીતો જોઈએ....

❖ નાના વટીરે સાજન બેઠું માંડવે,
લાખો પતિ રે સાજન બેઠું માંડવે,

જેવા ભરી સભાના રાજા એવા વરરાજાના દાદા,
નાણાવટી રે સાજન બેઠું માંડવે..

**❖ મંગલ ફેરાના ગીતો:**

❖ પહેલું પહેલું મંગળિયું વરતાય રે,
પહેલે મંગળ ગાયોના દાન અપાય રે,

અગ્નિદેવની સાક્ષી એ ફેરા ફરાય રે.

લગ્નની ચોરીમાં ચાર ફેરા ફરવામાં આવે છે તે પ્રત્યેક મંગળ ફેરા એ દાન અપાય છે ,જેમાં સોનાનું, રૂપાનું, ગાયોનું અને કન્યાદાન અપાય છે તેનો ઉલ્લેખ આ ગીતમાં મળે છે.

**❖ કંસાર:**

લગ્ન મંડપમાં વર-કન્યા એકબીજાને કંસાર જમાડે છે, તે વખતનું ગીત જોઈએ ....

❖ લાડો લાડી જમે રે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે,
નાખી મહી ઘી કેરી ધાર કંસાર કેવો ગળ્યો લાગે રે,

**લાડો લાડી જમે રે કંસાર, કંસાર કેવો ગળ્યો લાગે રે.**

## ❖ કન્યા વિદાયના ગીતો :

લગ્નની તમામ વિધિ પૂર્ણ થયા બાદ સમય આવે છે વસમી વિદાયનો. પ્રથમવાર સાસરે જતી કન્યાને જુદી જુદી શિખામણ આપવામાં આવે છે. મૈયરની માયા મૂકી દીકરીને સાસરે જવાનો સમય આવી જાય છે ત્યારે ભારે હૈયે માતા-પિતા અને કુટુંબીજનો દીકરીને વિદાય આપે છે અને વિદાય વખતે પણ સ્ત્રીઓ લાગણીથી ભરપૂર ગીતો ગાય છે....

❖ **સરસ્વતી માતાને વિનવું રે,**
**ગણપત લાગુ પાયરે સોનલબેન,**

**જવું પડશે તમારે સાસરીયે,**

**દાદા વિના કેમ ચાલશે ર,**

**સસરા દેખીને મનડા વારો રે.**

તો વિદાય થતી કન્યાને પોતાના ઊંચાકુળની રીતભાતથી વર્તવાની, ચાલવાની, બોલવાની શીખ પણ અપાય છે,

❖ **બેની આપણી બોલીએ બોલજો,**
**નકે વિહાર ગામના લોક વગોવસી રે,**

**બેની આપણી હેડચાએ હેડજો,**
**નકે વિહાર ગામના લોક વગોવસી રે.**

આ લગ્નગીતો એ સમાજના અમૂલ્ય વારસાને જીવંત રાખ્યો છે. વિશેષ લગ્ન પ્રસંગને વધારે રૂડો મંગલમય બનાવવાનું કાર્ય આ લગ્નગીતો કરે છે. લોકજીવન માનવ સંસ્કૃતિના કેન્દ્રસ્થાને છે. કોઈપણ સમયે તેનું મહત્વ ઘટવાનું નથી. લગ્નગીતોમાં હાસ્ય, કરુણ, શૃંગાર, શાંત જેવા અનેકવિધ રસની અનુભૂતિ થાય છે. ખાસ કરીને લગ્નની વિવિધ વિધિઓમાં ગવાતા ફટાણા દ્વારા હાસ્યરસની અનુભૂતિ થાય છે. ઘરની વહુવારુ, જમાઈ, અણવર, વેવાઈ -વેવાણ તો ક્યારેક લગ્ન કરાવનાર બ્રાહ્મણને સંબોધીને પણ ફટાણા ગાવામાં આવે છે. ફટાણાનો હેતુ વાતાવરણને હળવું બનાવી હાસ્યરસ નીપજાવવાનો છે. લગ્નનો ઉત્સવ ખરેખર લગ્નગીતો ગાવાથી જ રૂડો લાગે. તેથી લગ્નવિધિ અને કઠોપકંઠ પરંપરાગત લગ્નગીતો પણ સાચવવા અનિવાર્ય છે. પણ એ ત્યારે જ શક્ય છે જ્યારે લગ્ન ગીતો ફરીથી લોકજીભે ચડશે અને ગવાશે..

## ❖ સંદર્ભ:


1) **માહિતીદાતા : પટેલ કલાવતીબેન**
**પટેલ ગીતાબેન**
**પટેલ કોકિલાબેન**
**પટેલ કપિલાબેન**
**પટેલ શકરીબેન**
2) **લોકવાંડમય: સ્વરૂપ સંદર્ભ; - લેખક- ડૉ.રાજેશ મકવાણા**
3) **ઉત્તરગુજરાતનું લોકસાહિત્ય- સંપાદક- અમૃત પટેલ**
4) **લોકગુર્જરી ત્રિમાસિક - સંપાદક - ડૉ. બળવંત જાની.**